**GJPM010033522021**

**રેગ્યુલર સિવિલ અપીલ નં.૨૮/૨૦૨૧**

**આંક–૬ હેઠળ હુકમ :–**

---

**એપેલેન્ટ :– ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**વિરુધ્ધ**

**રીસ્પોન્ડન્ટ :– નઈમુલ્લા જવાદુલ્લા કાઝીના વારસદારો અને પ્રતિનિધિઓ**

**જરૂરી પક્ષકાર : રમેશભાઈ રાવજીભાઈ પટેલ**

---

(૧) અરજી વંચાણે લીધી. એપેલેન્ટ/શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી આર.એસ.ઠાકોરને સાંભળ્યા તથા રીસ્પોન્ડન્ટ તરફે વિ.વકીલશ્રી એમ.એ.મંન્સુરીને સાંભળ્યા.

(૨) રીસ્પોન્ડન્ટ તરફે અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, રે.દિ.મુ.નં.૪૦/૧૯૬૭ ના કામે પંચમહાલના વિ.પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજશ્રીએ તા.૨૯/૧૧/૨૦૨૧ ના રોજ જજમેન્ટ તથા હુકમનામું કરેલ, જે જજમેન્ટ તથા હુકમ સામે પ્રતિવાદીઓએ હાલની રેગ્યુલર સિવિલ અપીલ નં.૨૮/૨૦૨૧ ની દાખલ કરેલ છે અને તે દાવાના કામે રીસ્પોન્ડન્ટ તરીકે ૧ થી ૧૦ નાઓને પક્ષકાર તરીકે જોડેલ છે, જયારે તેઓને સદર દાવાના કામે પ્રતિવાદી નં.૧૨ તરીકે પક્ષકાર તરીકે હોવા છતાં તેઓ હિત ધરાવનાર પક્ષકાર હોય જાણીબુઝીને તેઓને પક્ષકાર તરીકે જોડેલ નથી. સદર અપીલના ન્યાયિક નિકાલ માટે સદર અપીલના કામે તેઓને રીસ્પોન્ડન્ટ તરીકે જોડવા ન્યાયના હિતમાં હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે એપેલેન્ટ/શ્રી સરકાર તરફે વિ.પી.પી.શ્રી આર.એસ.ઠાકોર હાજર રહેલ છે, તેઓએ સદર અરજી અન્વયે વાંધો દર્શાવેલ નથી. રેકર્ડ પરની હકિકત જોતાં રે.દિ.મુ.નં.૪૦/૧૯૬૭ ના કામે વિ.ટ્રાયલ કોર્ટમાં હાલના અરજદાર–પક્ષકાર તરીકે હતા તેમ છતાં તેઓને અપીલના કામે જોડેલા નથી. આ અપીલના કામે હાલના અરજદારને પક્ષકાર તરીકે જોડવા ન્યાયના હિતમાં જરૂરી જણાય છે જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

૧.   સદર અરજી મંજુર કરવામાં આવે છે.

૨.   અરજીના અરજદાર-જરૂરી પક્ષકારને રેગ્યુલર સિવિલ અપીલ નં.૨૮/૨૦૨૧ ના કામે રીસ્પોન્ડન્ટ તરીકે જોડવા હુકમ કરવામાં આવે છે.

૩.   એપેલન્ટે અપીલમેમામાં અરજીના અરજદાર-જરૂરી પક્ષકારને રીસ્પોન્ડન્ટ તરીકે જોડી અપીલમેમો સુધારો કરાવી રજૂ કરવો.

હુકમ આજ **તા.૧૦'મી માહે-ઓકટોબર, સને ૨૦૨૪ ના રોજ** વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૦-૧૦-૨૦૨૪**
**ગોધરા.**

**(ચંદ્રપાલસિંહ કે.ચૌહાણ)**
**પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ**
**પંચમહાલ, મુ.ગોધરા**
UID Code No.GJ 00513

**KMP**